# ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જ્યંતી વર્ષ

# જનજાતીય ગૌરવ દિવસ-2024

# નિમિત્તે યોજાયેલ

# વિવિધ કાર્યક્રમો અને સંયુક્ત અહેવાલ

## પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો

## પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો




પૂષ્પાંજલિ કાર્યક્રમ

## ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી,
## બિરસા મુંડા ભવન, ગાંધીનગર





"ભગવાન બિરસા મુંડા ની જન્મ જયંતિ, જન જાતિય ગૌરવ દિવસ" નિમિત્તે
પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ,
આહાર,વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો
જનજાતિય
ગૌરવ દિવસ



# ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જ્યંતી વર્ષ

## જનજાતીય ગૌરવ દિવસ, 2024

## નિમિત્તે યોજાયેલ વિવિધ કાર્યક્રમો અને અહેવાલ

### પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો

### પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો

### પૂષ્પાંજલિ કાર્યક્રમ




## 1. ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમઃ

તા.15/11/2024ના ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતીઃ જનજાતીય ગૌરવ દિવસ, 2024 નિમિત્તે બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે પ્રસ્થાપિત ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને સવારે 10:00 કલાકે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભગવાન બિરસામુંડાની પ્રતિમાને ફૂલોને હાર પહરાવવામાં આવ્યો હતો. આ સાથે દિપ પ્રગટાવીને પ્રતિમાને શ્રદ્ધાપૂર્વક ફૂલોથી અંજલિ આપવામાં આવી હતી. પુષ્પાંજલિ કાર્યક્રમમાં માન. શ્રી આર. એચ.

વસાવા, સંયુક્ત સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત, માન. ડૉ. સી.સી. ચૌધરી, કાર્યપાલક નિયામક, TRI, ગુજરાત, માન. બી.વી. ગામીત, નાયબ કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગાંધીનગર, આદિવાસી સમાજના અગ્રણીઓ તથા TRI અને કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાતના અધિકારીશ્રીઓ મળીને કુલ ૪૦ જેટલા સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 2. પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો



ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI), ગાંધીનગર, ગુજરાત દ્વારા તા.09/11/2024 થી તા.14/11/2024 દરમિયાન અમદાવાદ હાટ, વસ્ત્રાપુર અમદાવાદ ખાતે ગુજરાતના પરંપરાગત આદિવાસી વૈદુ-ભગતો માટે પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### 1. ઉદઘાટન સમારોહઃ

પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળાનું તા.09/11/2024 ના રોજ સાંજે 05-30 કલાકે રાખવામાં આવેલ. જેમાં નીચેના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

1. માન. શ્રી સંજય પ્રસાદ, IAS, નિવૃત ચૂંટણી કમિશ્નરશ્રી, ચૂંટણી કમિશન, ગુજરાત મુખ્ય મહેમાન અને મેળાના ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે
2. માન. સુ.શ્રી સંગીતા સિંઘ, IAS, આયુક્તશ્રી, તકેદારી આયોગ, ગુજરાત,
3. માન. શ્રી વનરાજ પારગી, એડવોકેટશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
4. માન. ડૉ. સી. સી. ચૌધરી, કા. નિયામકશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાધીનગર ઉપસ્થિત રહ્યા હતા.



સૌપ્રથમ મુખ્ય પ્રવેશદ્વાર પર પરંપરાગત રીતે રાઠવા નૃત્ય ટીમે કંકુ-ચોખાથી તિલક કરીને રાઠવા નૃત્ય દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાના કટઆઉટને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યાર બાદ બીજા પ્રવેશદ્વાર પર મુખ્ય

મહેમાનશ્રીએ રિબીન કાપીને મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદઘાટન કર્યા બાદ પ્રથમ ભારતીય પરંપરા મુજબ મહાનુભાવો દ્વારા ભગવાન ગણેશજીની પ્રતિમા આગળ દિપ પ્રજ્વલિત કરવામાં આવેલ. આ પછી મહાનુભાવોએ તમામ સ્ટોલ્સની મુલાકાત લઈને વૈદ્દ ભગતો સાથે તેમની વનૌષધિઓ અંગે ચર્ચા કરી હતી. સ્ટોલ્સ મુલાકાત બાદ વૈદ્-ભગતો સાથે એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાનુભાવોએ વક્તવ્ય આપીને વૈદુભગતોને માર્ગદર્શન અ પ્રોત્સાહત પુરાં પાડ્યા હતા.

## 1. મેળામાં સહભાગી થયેલ વૈદ્દ ભગતો અને પરંપરાગત ચિકિત્સા પ્રણાલીઃ



પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળામાં ગુજરાતના વિવિધ આદિવાસી જિલ્લાઓ અને લઘુવિસ્તારો (Pocket Areas) પૈકી સાબરકાંઠા, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, નવસારી, વલસાડ, સુરત, તાપી, ડાંગ, વડોદરા, અમદાવાદ અને જૂનાગઢ મળીને 12 જિલ્લાઓમાંથી કુલ 66 સ્ટોલ્સ અને તેના કુલ 113 વૈદ્દ ભગતો (સ્ત્રી-પુરુષ) સહભાગી થયા હતા.

વૈદ્દ ભગતો દ્વારા વિવિધ પ્રકારની અનેકવિધ વનૌષધિઓ અને તેમાંથી તૈયાર કરવામાં આવેલ દવાઓ દ્વારા કેન્સર, ચરબીની વિવિધ પ્રકારની ગાંઠો, હર્નીયા, થાઈરોઈડ, વિવિધ ત્રણ પ્રકારના ડાયાબીટીસ (સુગર), બીપી, મસા, ટીબી, એચ.આઈ.વી. એઈડ્સ, પેરાલીસીસ, ખેંચ, વાઈ-ફેફરું (હિસ્ટોરીયા) સાઈટીકા, તમામ સાંધાના રોગો, પાચન સંબંધિત તમામ રોગો, લિવર-કિડની તેમજ અંદર-બહારના તમામ સોજા, સિકલસેલ એનીમિયા, હાર્ટ બ્લોકેઝ,





પથરી, કમળો, તમામ પ્રકારના તાવ, વંધ્યત્વ નિવારણ, સફેદ પાણી અટકાવવું, માસિક ન આવવું, અનિયમિત માસિક, ખૂજલી, દરાજ, ખરજવા, સોસાયસીસ, ચામડી પરના સફેદ દાગ (કોડ), દમ, ઝાડા-ઉલ્ટી, તૂટેલા હાટકાઓની સારવાર, વિંછીનું ઝેર ઉતારવું, સાંપનું ઝેર ઉતારવું, મધમાખીનું ઝેર ઉતારવું, કૃમિ, શરીરના કોઈપણ અંદર-બહારના અવયવમાં પાક-રસીના જીવાણુંઓનો નાશ, કમરની ગાદી ખસી જવી, કરોડરજુના મણકા સંબંધિત રોગો, યાદ શક્તિ તથા મગજના જ્ઞાનતંતુઓ સંબંધિત રોગો, મનની અશાંતિ, વિચારવાયું, ગાંડપણ, અનિંદ્રા, હાથીપગો, ઊંડા ઘાવ પર વહેતું લોહી અટકાવવું, માથાના વાળ સંબંધિત રોગો, આંખ-કાન-ગળા સંબંધિત રોગો તેમજ કોઈપણ હઠીલા રોગોના ઉપચાર સંબંધિત વનૌષધિઓ અને તેના દ્વારા તૈયાર કરાયેલ દવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિવિધ પ્રકારના રોગોના ઈલાઝ માટે મસાજ, સ્ટીમ બાથની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

## 2. રોગોની સારવાર અને વૌષધિઓના વેચાણ દ્વારા થયેલ આવકઃ



તા.09/11/2024 થી તા.14/11/2024 દરમિયાન 06 દિવસ યોજાયેલ પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળામાં અમદાવાદ શહેરના નગરજનોએ મોટી સંખ્યામાં વૈદુભગતોની મુલાકાત લઈને પરંપરાગત આદિવાસી ચિકિત્સા પ્રણાલી, અનેકવિધ તાજી ઔષધિઓ (પાન, ફળો, કંડ, વેલીઓ, સીંગો, બીજ, ફૂલ, મૂળ વગેરે) અને તે અંગેનું તેઓના જ્ઞાનને ચર્ચા કરીને, જોઈને તથા સારવાર લઈને દૂર્લભ ચિકિત્સા પ્રણાલી અને જ્ઞાનનો લાભ લીધો હતો. સમગ્ર મેળા દરમિયાન તમામ વૈદુભગતોની કુલ આવક 8,20,450 રૂપિયા થઈ હતી.

આ મેળામાં સહભાગી થયેલ તમામ વૈદુભગતોને ઘરથી મેળાના સ્થળ સુધી આવવા-જવાનો મુસાફરી ખર્ચ, સ્ટોલનો ખર્ચ, મેળા દરમિયાન રહેવા-જમવાનો તમામ ખર્ચ ગુજરાત

આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI), ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ઉઠાવવામાં આવેલ. એટલે કે વૈદુભગતોને આ મેળામાં તદ્દન વિનામૂલ્યે સહભાગી થવાની તક પૂરી પાડવામાં આવી હતી.

## 5. પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો



ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI), ગાંધીનગર, ગુજરાત દ્વારા તા.15/11/2024 થી તા.19/11/2024 દરમિયાન અમદાવાદ હાટ, વસ્ત્રાપુર અમદાવાદ ખાતે પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### 1. ઉદઘાટન સમારોહઃ

પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળાનું તા.15/11/2024ના રોજ સાંજે 05-00 કલાકે રાખવામાં આવેલ. જેમાં નીચેના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

1. માન. પ્રૉ (ડૉ.) મધુકર પાડવી, વાઈસ ચાન્સેલર, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, ગુજરાત મેળાના મુખ્ય મહેમાન અને ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે
2. માન. શ્રી સંજય પ્રસાદ, IAS, નિવૃત ચૂંટણી કમિશ્નરશ્રી, ચૂંટણી કમિશન, ગુજરાત મુખ્ય મહેમાન અને મેળાના ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે
3. માન. શ્રી આર. એચ. વસાવા, સંયુક્ત સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

4. માન. શ્રી વનરાજ પારગી, એડવોકેટશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

5. માન. ડૉ. સી. સી. ચૌધરી, કા. નિયામકશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાધીનગર ઉપસ્થિત રહ્યા હતા.




સૌપ્રથમ મુખ્ય પ્રવેશદ્વાર પર પરંપરાગત રીતે નર્મદા જિલ્લાના વસાવા આદિજાતિની મેવાસી નૃત્ય ટીમે કંકુ-ચોખાથી તિલક કરીને મેવાસી નૃત્ય દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાના કટઆઉટને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યાર બાદ બીજા પ્રવેશદ્વાર પર મુખ્ય મહેમાનશ્રીએ રિબીન કાપીને મેળાનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદઘાટન કર્યા બાદ પ્રથમ ભારતીય પરંપરા મુજબ મહાનુભાવો દ્વારા ભગવાન ગણેશજીની પ્રતિમા આગળ દિપ પ્રજ્વલિત કરવામાં આવેલ. આ પછી મહાનુભાવોએ તમામ સ્ટોલ્સની મુલાકાત લઈને હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વનૌષધિય વૈદુ ભગતો સાથે તેમની હસ્તકલા-આહાર-વનૌષધિઓ અંગે ચર્ચા કરી હતી. સ્ટોલ્સ મુલાકાત બાદ હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વનૌષધિય વૈદુ ભગતો સાથે એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાનુભાવોએ વક્તવ્ય આપીને તેઓને માર્ગદર્શન અ પ્રોત્સાહત પુરાં પાડ્યા હતા.



1. **મેળામાં સહભાગી થયેલ હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વનૌષધિય વૈદુ ભગતોઃ**

પરંપરાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળામાં ગુજરાતના વિવિધ આદિવાસી જિલ્લાઓ અને લઘુવિસ્તારો (Pocket Areas) પૈકી બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, સુરત, તાપી, ડાંગ

અને અમદાવાદ મળીને 15 જિલ્લાઓમાંથી કુલ 70 સ્ટોલ્સ અને તેના કુલ 120 હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વનૌષધિય વૈદુ ભગતો (સ્ત્રી-પુરુષ) સહભાગી થયા હતા.




મેળામાં વિવિધ હસ્તકલાકારોએ તૈયાર કરેલ અનેકવિધ હસ્તકલાઓ પૈકી બામ્બુ ફર્નિચર, બામ્બુ આર્ટીકલ્સ, મોતીકામની માળાઓ, માટીના વાસણો, ઈમીટેશન જ્વેલરી, ગૃહ સુશોભનની બનાવટો, અગરબતી, ગુગળ, ધૂપ, દેશી અનાજ, લોટ, કઠોળ, અથાણા, મસાલા, પાપડ, મધ, આદિવાસી આહારની વાનગીઓ અને વનૌષધિય વૈદુ ભગતો (સ્ત્રી-પુરુષ) દ્વારા વિવિધ પ્રકારની અનેકવિધ હસ્તકલાઓ, આહાર અને તેમાંથી તૈયાર કરવામાં આવેલ દવાઓ દ્વારા કેન્સર, હર્નીયા, થાઈરોઈડ, ડાયાબીટીસ (સુગર), બીપી, મસા, ટીબી, એચ.આઈ.વી. એઈડ્સ, પેરાલીસીસ, ખેંચ, વાઈ-ફેફરું (હિસ્ટોરીયા), સાંધાના રોગો, પાચન સંબંધિત રોગો, લિવર-કિડની તેમજ અંદર-બહારના તમામ સોજા, સિકલસેલ એનીમિયા, હાર્ટ બ્લોકેઝ, પથરી, કમળો,



તાવ, વંધ્યત્વ નિવારણ, સફેદ પાણી, માસિક ન આવવું, અનિયમિત માસિક, ખૂજલી, દરાજ, ખરજવા, ચામડી પરના સફેદ દાગ, દમ, ઝાડા-ઉલ્ટી, તૂટેલા હાટકાઓની સારવાર, ઝેરી જંતુ-

પ્રાણીઓનું ઝેર ઉતારવું, કૃમિ, પાક-રસીના જીવાણુઓનો નાશ, કમરની ગાદી ખસી જવી, કરોડરજુના મણકા સંબંધિત રોગો, યાદ શક્તિ તથા મગજના જ્ઞાનતંતુઓ સંબંધિત રોગો, અનિંદ્રા, હાથીપગો, માથાના વાળ સંબંધિત રોગો, આંખ-કાન-ગળા સંબંધિત રોગો તેમજ કોઈપણ હઠીલા રોગોના ઉપચાર સંબંધિત વનૌષધિઓ અને તેના દ્વારા તૈયાર કરાયેલ દવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિવિધ પ્રકારના રોગોના ઈલાઝ માટે મસાજ, સ્ટીમ બાથની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી.


**2. હસ્તકલાકૃતિઓ, આદિવાસી આહાર અને વૌષધિઓના વેચાણ દ્વારા થયેલ આવકઃ**



તા.15/11/2024 થી તા.19/11/2024 દરમિયાન 05 દિવસ યોજાયેલ પરંપરાગત આદિવાસી હસ્તકલાકૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળામાં અમદાવાદ શહેરના નગરજનોએ મોટી સંખ્યામાં લાકાત લઈને પરંપરાગત આદિવાસી હસ્તકલાની વિવિધ બનવાટો, આહાર અને ચિકિત્સા પ્રણાલીનો લાભ લીધો હતો. સમગ્ર મેળા દરમિયાન તમામ હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વૈદુભગતોની કુલ આવક 8,12,580 રૂપિયા થઈ હતી.

આ મેળામાં સહભાગી થયેલ તમામ હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વૈદુભગતોને ઘરથી મેળાના સ્થળ સુધી આવવા-જવાનો મુસાફરી ખર્ચ, સ્ટોલનો ખર્ચ, મેળા દરમિયાન રહેવા-જમવાનો તમામ ખર્ચ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI), ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા ઉઠાવવામાં આવેલ. એટલે કે વૈદુભગતોને આ મેળામાં તદ્દન વિનામૂલ્યે સહભાગી થવાની તક પૂરી પાડવામાં આવી હતી.

**3. ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાન અંગે વ્યાખ્યાનઃ**



જનજાતીય ગૌરવ દિવસ, 2024 નિમિત્તે અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે તા.15/11/2024ના

રોજ યોજાયેલ પરંપરાગત આદિવાસી હસ્તકલાકૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળાના ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત પ્રો. (ડૉ.) અરૂણ વાઘેલા, પ્રાધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ભગવાન બિરસા મુંડાના જીવન પરિચય અને દેશની આઝાદીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલ અમૂલ્ય યોગદાન અંગે સભામાં ઉપસ્થિત તમામ સહભાગીઓને વિગતવાર પરિચય કરાવ્યો હતો. ભગવાન બિરસા મુંડાના જન્મ દિવસને વર્ષ 2021થી રાષ્ટ્રીય સ્તરે જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનું જહેર કરવામાં આવ્યું, જે બાબતને લક્ષમાં રાખીને ભગવાન બિરસા મંડામન જીવન અને આઝાદીના દોલનમાં આપેલ અમૂલ્ય યોગદાન અંગે નવી પેઢી, શહેરીજનો અને આમ સમાજના લોકોમાં તેની જાણકારી મળે, તેમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે હેતુથી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીઃ જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે તેમના જીવન અને યોગદાન અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં વ્યું હતું, જેમાં 200 જેટલા સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**4. હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વૈદુભગતો માટે તાલીમ કાર્યક્રમઃ**



જનજાતીય ગૌરવ દિવસ, 2024 નિમિત્તે અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે યોજાયેલ પરંપરાગત આદિવાસી હસ્તકલાકૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળામાં તા.18/11/2024ના રોજ મેળામાં સહભાગી આદિવાસી હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વૈદુભગતો માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં શ્રી રામજીભાઈ ડાભી, શ્રી ચંદ્રચિંહ છગનીયા, શ્રી ઈશ્વરભાઈ ગાયકવાડ અને સુશ્રી ચંચળબેન ચૌધરી દ્વારા હસ્તકલાના ઉત્પાદન, પેકેજિંગ, પ્રદર્શન, માર્કેટીંગ, ગ્રાહકોને પ્રોડક્ટ્સ અંગે સમજ આપવાની રીતો, ગ્રાહકો સાથેના વર્તન વ્યવહાર, મૂલ્યવર્ધન વગેરે બાબતો અંગે તેમના અનુભવો અને જ્ઞાનનું આદાન-પ્રદાન કર્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં 100 જેટલા આદિવાસી હસ્તકલાકારો, આહાર ઉત્પાદકો અને વૈદુભગતોએ ભાગ લીધો હતો.


### 3.6 પરંપરાગત આદિવાસી ચિકિત્સા પ્રણાલીનું દસ્તાવેજીકરણઃ



આદિવાસી સમુદાયોના અમૂલ્ય પરંપરાગત જ્ઞાન અને જીવનશૈલી પૈકી પરંપરાગત વનૌષધિય ચિકિત્સા પ્રણાલીને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ વર્ષ 2015થી ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (TRI), ગાંધીનગર, ગુજરાત દ્વારા કરવામાં આવી રહ્યો છે. TRI, ગુજરાત દ્વારા આયોજિત તમામ ક્રાફ્ટ મેળાઓમાં 5-6 વૈદુભગતોના સ્ટોલને અવશ્ય સ્થાન આપવામાં આવે છે. પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પ્રણાલીને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસરૂપે આ વર્ષે જનજાતીય ગૌરવ દિવસ, 2024ની ઉજવણી નિમિત્તે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આદિવાસીઓની પરંપરાગત ચિક્ત્સા પ્રણાલીનો ગુજરાત રાજ્ય અને દેશભરમાં પ્રચાર-પ્રસાર કરવાના, તેનું સંરક્ષણ અને સંવર્ધન, તેના થકી નવા રોજગારની તકોને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે આ મેળામાં વૈદુભગતો દ્વારા થતી ચિકિત્સા પ્રણાલીનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ તમામ વૈદુભગતો પાસે ખાસ કોઈ અક્ષરજ્ઞાન નથી. આ અમૂલ્ય જ્ઞાન આવતા નજિકના ભવિષ્યમાં લૂપ્ત થઈ ન જાય તે માટે TRI, ગુજરાત દ્વારા ઉક્ત મેળામાં સહભાગી મહત્વના વૈદુભગતો સાથે ચર્ચા-વિચારણા કરીને તેઓની ઓષધિઓ, દવા બનાવવાની વિશેષ વદ્ધતિ, તેના નિયમો, સમયગાળો, વનસ્પતિ કે તેના ભાગો મેળવવા માટે તેઓ દ્વારા કરાતા ધાર્મિક વિધિ-વિધાન, આ ઔષધિ લાંબા સમય સુધી ઉપયોગી નિવડે તે માટેની પ્રક્રિયા, અનેકવિધ હઠીલા અને ગંભીર રોગોમાં સારવાર અને તે સંબંધિત તેઓના વિશિષ્ટ જ્ઞાનનું લેખિત સ્વરૂપે એકત્રિકરણ કરીને તેનું દસ્તાવેજીકરણ કરવામાં આવેલ છે, જે પુસ્તક સ્વરૂપે ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે.

1. **પરંપરાગત વનૌષધિઓ આધારિત વિશેષ ફ્રી આઈ ડ્રોપ કેમ્પનું આયોજનઃ**



તા.15/11/2024ના રોજ ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતીઃ જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે મેળામાં

સહભાગી વૈદુભગતોએ વૈધશ્રી જયેશભાઈ ભોયા (જિ.વલસાડ)ની આગેવાની હેઠળ ફ્રી આઈ ડ્રોપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આઈ ડ્રોપ મહુડાના ફૂલનો રસ અને ખાખરાના મૂળના અર્કના મિશ્રણમાંથી તૈયાર કરવામાં આવેલ હોવાનું જયેશભાઈ વૈધે જણાવેલ. આ કેમ્પમાં દિવસ દરમિયાન 500થી વધુ લોકોએ લાભ લીધો હતો. વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલ આઈ ડ્રોપથી લોકોને આંખોમાં ખૂબ જ સારી અસર અનુભવી હતી.

**2. ડોક્યુમેન્ટરી ફિલ્મોની પ્રસ્તુતીઃ**

મેળાના કેમ્પસમાં મધ્યભાગે મોટી એલઈડી સ્ક્રીન પર મેળાના સમય દરમિયાન ભગવાન બિરસા મુંડા, જનજાતિય ગૌરવ દિવસ, આદિજાતિ વિકાસ સંબંધિત સરકારશ્રીના વિશિષ્ટ અભિયાનો (સિકલ સેલ અભિયાન, પી.એમ. જનમન, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન વગેરે), ક્રાયક્રમો, સિધ્ધિઓ વગેરેના વ્યાપક જનસુમદાય સુધી પ્રચાર-પ્રસાર અર્થે વિવિધ ડોક્યુમેન્ટરી ફિલ્મો (સિકલ સેલ અભિયાન, પી.એમ. જનમન, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન)ની પ્રસ્તુતી કરવામાં આવી હતી.

**3.9 પરંપરાગત આદિવાસી નૃત્ય ઉત્સવઃ**

આદિવાસી સંસ્કૃતિના પરંપરાગત અમૂલ્ય પાસાંઓ વિકાસની દોડમાં લૂપ્ત થઈ ન જાય તે હેતુસર તેમની અનોખી કલાઓને સરકારના વિવિધ કાર્યક્રમોમાં સ્થાન આપીને પ્રત્સાહિત કરવામાં આવે છે. આદિવાસીઓની પરંપરાગત નૃત્યકલાને પ્રોત્સાહન પૂરું પાડવા માટે TRI, ગુજરાત દ્વારા પોતાના અનેકવિધ કાર્યક્રમોમાં આદિવસી પરંપરાગત નૃત્યોને સ્થાન આપવામાં આવે છે. જનજાતીય ગૌરવ દિવસ, 2024ની ઉજવણી નિમિત્તે આયોજિત આ મેળામાં પરંપરાગત આદિવાસી નૃત્ય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાઠવા નૃત્ય (રાઠવા આદિજાતિ), મેવાસી નૃત્ય (વસાવા આદિજાતિ), ટીમલી નૃત્ય (ભીલ આદિજાતિ), ગરાસીયા નૃત્ય (ડુંગરી ગરાસીયા આદિજાતિ), તલવાર નૃત્ય (ભીલ આદિજાતિ) વગેરે આદિજાતિઓની પરંપરાગત નૃત્ય ટીમોએ આ ઉત્સવમાં ભાગ લઈને શહેરીજનો સમક્ષ પોતાના નૃત્યોની પ્રસ્તુતી કરી હતી. આ નૃત્યો સાંજના સમયે મેળાના સ્થળે તૈયાર કરાયેલ


રંગમંચ પર યોજવામાં આવતા હતા. મેળામાં આવનાર મોટી સંખ્યામાં શહેરીજનોએ ખૂબ જ રસપુર્વક આ સુંદર પરંપરાગત આદિવાસી નૃત્યોને નિહાળ્યા હતા.

**1. પદ્મશ્રી એવોર્ડ સન્માનિત શ્રી પરેશભાઈ રાઠવા (રાઠવા આદિજાતિ)નું અભિવાદનઃ**



ગુ જરાત રાજ્યમાં વસવાટ કરતી રાઠવા આદિજાતિમાં પિઠોરા ભિંતચિત્ર એક અનોખી અને વિશિષ્ટ ચિત્રકલા છે, જે રાઠવા આદિજાતિના લોકો માટે એક ધાર્મિક વિધિ-વિધાન અને આસ્થાનો ઉત્સવ છે. આ વિશિષ્ટ અને પંરપરાગત આદિવાસી પિઠોરા ભિંતચિત્ર કલાને જીવંત રાખીને તેને દેશ-વિદેશમાં મહત્વનું સ્થાન અપાવવા માટે પિઠોરા ચિત્રકાર શ્રી પરેશભાઈ રાઠવાને માન. રાષ્ટ્રપતિ, ભારત સરકારન વરદ હસ્તે વર્ષ 2023માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જનજાતીય ગૌરવ દિવસ, 2024 નિમિત્તે આયોજિત વનૌષધિય અને હસ્તકલાકૃતિ મેળાના સમાપન સામરોહમાં અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરીને હસ્તકલાકૃતિઓ અર્પણ કરીને તેઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેઓએ પોતના પ્રાસંગિક ઉદબોધનમાં હસ્તકલાકારોને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.


**2. અમૃત મહોત્સવ મહાકુંભ રથનું પ્રસ્થાનઃ**



આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સૂચનાનુસાર સરકારશ્રી દ્વારા આદિજાતિ લોકોના વિકાસ અને સશક્તિકરણ માટે કરવામાં આવેલા પ્રયાસો, અમલીકૃત, અભિયાનો (સિકલ સેલ અભિયાન, પી.એમ. જનમન, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન વગેરે), કાર્યક્રમો, યોજનાઓ અને તેના દ્વારા આવેલા પરિવર્તનો, ફલશ્રૃતિ, વિકાસગાથા, આદિવાસી સાંસ્કૃતિક વિરાસતના પ્રચાર-પ્રસાર આદિજાતિ વિસતારોમાં વ્યાપક જનસુદાય સુધી પહોંચે તથા ઉક્ત વિકાસલક્ષી કાર્યક્રમો વધુ વેગવંત બને, સૌ


તેનાથી માહિતગાર બને અને તેનો લાભ મેળવે તે હેતુસર એક વિશેષ પ્રકારનો **અમૃત મહોત્સવ મહાકુંભ રથ** ટેબ્લો સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ છે. માન. મુખ્યમંત્રીશ્રીએ આહવા-ડાંગ ખાતેથી રાજ્ય સ્તરીય જનજાતીય ગૌરવ દિવસ, 2024ની ઉજવણી કાર્યક્રમમાં અમૃત મહોત્સવ મહાકુંભ રથનું પ્રસ્થાન કરાવેલ છે. જે આગામી 20 દિવસ દરમિયાન 14 આદિવાસી જિલ્લાઓના 54 તાલુકાઓમાં ફરીને સરકારશ્રી દ્વારા આદિજાતિ લોકોના વિકાસ અને સશક્તિકરણ માટે કરવામાં આવેલા પ્રયાસો, અમલીકૃત, અભિયાનો, કાર્યક્રમો, યોજનાઓ અને તેના દ્વારા આવેલા પરિવર્તનો, ફલશ્રુતિનો પ્રચાર-પ્રસાર કરશે.

**3. સમાપન સમારોહ**



તા.15/11/2024ના રોજ સાંજે 6:30 કલાકે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતીઃ જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે યોજાયેલ પંરારાગત આદિવાસી વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો તથા પંરારાગત આદિવાસી હસ્તકાકૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળો તથા તે દરમિયાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં નીચેના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

1. માન. શ્રી આર. એચ. વસાવા, સંયુક્ત સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મેળાના મુખ્ય મહેમાન અને ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે
2. માન. શ્રી પરેશભાઈ રાઠવા, પદ્મશ્રી એવોર્ડ સન્માનિત, પિઠોરા ચિત્રકાર, છોટાઉદેપુર તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા આયોજક તરીકે



3. માન. ડૉ. સી. સી. ચૌધરી, કા. નિયામકશ્રી, ગુજરાત આદિવાસી

સંશોધન અને તાલીમ સોસાયટી, ગાધીનગર અને

4. માન. ડૉ. દેવચંદ વહોનિયા, ક્ષેત્ર મદદનીશશ્રી, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન સમારોહમાં મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત, મળાઓનો સંક્ષિપ્ત અહેવાલ, હસ્તકલાકારો અને વૈદ્ભગતો દ્વારા મહાનુભાવોને હસ્તકલાકૃતિઓ અને વનૌષધિય છોડ અર્પણ, મહાનુભાવોના હસ્તે મેળામાં સહભાગીતા અંગેના પ્રમાણપત્રો અને ટેક્ષટાઈલ મંત્રાલય, ભારત સરકાર દ્વારા મળેલ આર્ટીજન કાર્ડનું વિતરણ, સહભાગીઓના અભિપ્રાયો અને અંતમાં મહાનુભાવોએ પ્રાસંગિક વક્તવ્ય આપીને મેળાઓમાં સહભાગી થયેલ હસ્તકલાકારો, આહાર



ઉત્પાદકો, વૈદુ ભગતોને માર્ગદર્શન અને પ્રોત્સા હત પુરાં પાડ્યા હતા.